श्रीमद् भागवत का यह सार
भगवद् भक्ति ही आधार

# શ્રી મદ્ભાગવત રસિક કુટુંબ

## ब्रह्मा स्तुति (भा•म• 3.9)



कर घोर तपस्या ब्रह्मा हर्षे,नारायण के तत्व को जान ।
सृष्टि सृजन को होकर तत्पर,पद्मज करते प्रभु गुणगान।

નારાયણં(ન્) નમસ્કૃત્ય, નરં(ઞ્) ચૈવ નરોત્તમમ્.
દેવીં(મ્) સરસ્વતીં(વૅઁ) વ્યાસં(ન્), તતો જયમુદીરયેત્.

નામસઙ્કીર્તનં(યઁ) યસ્ય, સર્વપાપપ્રણાશનમ્.
પ્રણામો દુ:ખશમનસ્, તં(ન્) નમામિ હરિં(મ્) પરમ્.

શ્રીમદ્ભાગવતમહાપુરાણમ્
તૃતીય: સ્કન્ધ:
॥ અથ નવમોऽધ્યાયઃ ॥

બ્રહ્મોવાચ

જ્ઞાતોऽસિ મેऽદ્ય સુચિરાન્નનુ દેહભાજાં(ન્)
ન જ્ઞાયતે ભગવતો ગતિરિત્યવદ્યમ્ .
નાન્યત્ત્વદસ્તિ ભગવન્નપિ તન્ન શુદ્ધં(મ્)
માયાગુણવ્યતિકરાદ્યદુરુર્વિભાસિ .. ૧..

સુચિરાન્ + નનુ, ગતિરિત્ય + વદ્યમ્ , નાન્યત્ + ત્વદસ્તિ ,
માયાગુણ + વ્યતિકરા + દ્યદુરુર્ + વિભાસિ

બ્રહ્માજીએ કહ્યું – હે પ્રભુ! સુદીર્ઘ કાળ વિત્યા પછી આજે હું આપને જાણી શક્યો છું. અહો! કેવું દુર્ભાગ્ય છે કે શરીર ધારી જીવ આપના સ્વરૂપને જાણી શકતા નથી. હે ભગવન્ ! આપના સિવાય અન્ય કોઈ વસ્તુ છે જ

નહીં. જે કંઈ પ્રતિત થાય છે તે પણ સ્વરૂપથી સત્ય નથી; કારણ કે માયાના ગુણોથી ક્ષુબ્ધ થવાને કારણે કેવળ આપ જ અનેકરૂપોમાં પ્રતીત થઈ રહ્યા છો.

**રૂપં(યઁ) યદેતદવબોધરસોદયેન**

**શ*શ્વન્નિવૃત્તતમસઃ(સ્) સદનુ*ગ્રહાય .**

**આદૌ ગૃહીતમવતારશતૈકબીજં(યઁ)**

**યન્નાભિપ*દ્મભવનાદહમાવિરાસમ્ .. ૨..**

**યદે + તદવબો+ ધરસો + દયેન, શશ્વન્ + નિવૃત્ત + તમસઃ(સ્), ગૃહી + તમવતા + રશતૈ + કબીજં(યઁ), યન્ના+ ભિપદ્મભવના + દહમા + વિરાસમ્**

હે દેવ! આપની ચિત્ત-શક્તિ પ્રકાશિત રહેવાને કારણે અજ્ઞાન આપનાથી સદૈવ દૂર રહે છે. આપનું આ રૂપ, કે જેના નાભિ કમળમાંથી હું પ્રગટ થયો છું – તે સેંકડો અવતારોનું મૂળ કારણ છે. તેને આપે સત્પુરુષો ઉપર કૃપા કરવા માટે જ પહેલવહેલું પ્રગટ કર્યું છે.

**નાતઃ(ફ્) પરં(મ્) પરમ ય*દ્ભવતઃ(સ્) સ્વરૂપ-**

**મા*નન્દમાત્રમવિ*કલ્પમવિ*દ્ધવર્ચઃ .**

**પ*શ્યામિ વિ*શ્વસૃજમેકમવિ*શ્વમાત્મન્**

**ભૂતેન્દ્રિયાત્મકમ*દસ્ત ઉપાશ્રિતોઽસ્મિ .. ૩..**

**માનન્દમા+ ત્રમવિકલ્પ + મવિદ્ધવર્ચઃ,**

**વિશ્વ + સૃજમે + કમવિશ્વ + માત્મન્, ભૂતેન્દ્રિયાત્ + મકમદસ્ત**

હે પરમાત્મા! આપનું કેવળ આનંદસ્વરૂપ, ભેદરહિત અને અખંડ તેજોમય (નિરાકાર) જે સ્વરૂપ છે તેને હું આનાથી ભિન્ન સમજતો નથી. આપ વિશ્વની રચના કરનારા હોવા છતાં પણ વિશ્વથી અતીત (પર) છો. ભૂત અને ઇન્દ્રિયોનું અધિષ્ઠાન પણ આપ જ છો, એવા આપને જ્ઞાનદ્રષ્ટિથી હું જોઉં છું અને આપના આ રૂપની શરણમાં છું.

**ત*દ્વા ઇદં(મ્) ભુવનમ*ઙ્ગલ મ*ઙ્ગલાય***

**ધ્યાને સ્મ નો દર્શિતં(ન્) ત ઉપાસકાનામ્ .**

**ત*સ્મૈ નમો ભગવતેઽનુવિધેમ તુ*ભ્યં(યઁ)**

**યોઽનાદૃતો નરકભાગ્ભિરસત્પ્રસ*ઙ્ગૈઃ .. ૪..**

**નરકભાગ્ + ભિરસત્ + પ્રસઙ્ગૈઃ**

હે વિશ્વકલ્યાણમય! આપનું ધ્યાન ધરી રહેલા અમારા જેવા ઉપાસકોના મંગળ માટે આપે આ રૂપ દેખાડ્યું છે. આપના આ રૂપને વિષયાસક્ત પામર મનુષ્યો પામી શકતા નથી.

**યે તુ* ત્વદીયચરણામ્બુજકોશગ*ન્ધં(ઝ્)**

જિઘ્રન્તિ કર્ણવિવરૈઃ(શ્) શ્રુતિવાતનીતમ્ .

ભક્ત્યા ગૃહીતચરણઃ(ફ્) પરયા ચ તેષાં(ન્)

નાપૈષિ નાથ હૃદયામ્બુરુહાત્સ્વપું(મ્)સામ્ .. ૫..

ત્વદી + યચરણામ્ + બુજકો + શગન્ધં(ઞ્),

શ્રુતિવા + તનીતમ્ , હૃદયામ્ + બુરુહાત્ + સ્વપું(મ્)સામ્

હે નાથ! જે લોકો વેદરૂપી વાયુથી લવાયેલી આપનાં ચરણરૂપી કમળ-કોશની સુવાસની પોતાના કર્મછિદ્રોથી ગ્રહણ કરે છે તેવા પોતાના ભક્તોના હૃદય-કમળમાં આવીને વસી જાઓ છો. પછી ત્યાંથી જઇ શકતા નથી. ભ્રમરની જેમ ત્યાં અટકી જાઓ છો. કેમકે પરાભક્તિની દોરીથી ભક્તોએ પણ આપના પાદપદ્મને બાંધી રાખ્યા છે.

તાવદ્ભયં(ન્) દ્રવિણદેહસુહૃન્નિમિત્તં(મ્),

શોકઃ(સ્) સ્પૃહા પરિભવો વિપુલશ્ચ લોભઃ .

તાવન્મમેત્યસદવગ્રહ આર્તિમૂલં(યઁ),

યાવન્ન તેઽઙ્ઘ્રિમભયં(મ્) પ્રવૃણીત લોકઃ .. ૬..

દ્રવિણદે + હસુહૃન્ + નિમિત્તં(મ્), તાવન્ + મમેત્ + યસદવ + ગ્રહ, તેઽઙ્ઘ્રિ + મભયં(મ્)

મનુષ્ય જ્યાં સુધી આપનાં અભયપ્રદ ચરણકમળોનો આશ્રય લેતો નથી ત્યાં સુધી જ તેને ધન, ઘર અને બાંધવોને કારણે મળનાર ભય, શોક, લાલસા, દીનતા, અતિલોભ વગેરે સતાવે છે અને ત્યાં સુધી જ તેનો 'હું-મારું' નો દુરાગ્રહ રહે છે, કે જે દુઃખનું એકમાત્ર કારણ છે.

દૈવેન તે હતધિયો ભવતઃ(ફ્) પ્રસઙ્ગાત્

સર્વાશુભોપશમનાદ્વિમુખેન્દ્રિયા યે .

કુર્વન્તિ કામસુખલેશલવાય દીનાઃ

લોભાભિભૂતમનસોઽકુશલાનિ શશ્વત્ .. ૭..

સર્વાશુભો + પશમના + દ્વિમુખેન્દ્રિયા,

કા + મસુખલે + શલવાય, લોભાભિભૂ + તમનસોઽ + કુશલાનિ

જેઓ બધા પ્રકારનાં અમંગળનો નાશ કરનારા આપના શ્રવણ કીર્તન વગેરે ભક્તિ-પ્રસંગોથી દૂર રહે છે અને જેમની ઇન્દ્રિયો આપથી વિમુખ છે એવા લોકો દીન અને મનોમન વિષયાતુર થઇને નિરંતર કુકર્મોમાં રત રહે છે, તે બિચારાઓની બુદ્ધિ દૈવે હરી લીધી છે.

ક્ષુત્તૃટ્ ત્રિધાતુભિરિમા મુહુરર્દ્યમાનાઃ(શ્),

શીતોષ્ણવાતવરષૈરિતરેતરાચ્ચ .

કામાગ્નિનાચ્યુત રુષા ચ સુદુર્ભરેણ,

## સમ્પશ્યતો મન ઉરુક્રમ સીદતે મે .. ૮..

મુહુરર્ + ધમાનાઃ(શ્), શીતોષ્ણવા + તવરષૈ + રિતરે + તરાચ્ય, કામાગ્નિના + ચ્યુત

હે અચ્યુત! ઉરુક્રમ! આ પ્રજાને ભૂખ-તરસ, વાત -પિત -કફ, ઠંડી-ગરમી, પવન અને વરસાદને લીધે, પરસ્પર એકબીજાને લીધે તથા કામાગ્નિ અને દુઃસહ ક્રોધને લીધે વારંવાર દુઃખ પામતી જોઈને મારું મન ઘણું ઉદાસ થાય છે.

## યાવત્પૃથક્ત્વમિદમાત્મન ઇન્દ્રિયાર્થ-

## માયાબલં(મ્) ભગવતો જન ઈશ પશ્યેત્ .

## તાવન્ન સં(મ્)સૃતિરસૌ પ્રતિસઙ્ક્રમેત,

## વ્યર્થાપિ દુઃખનિવહં(વ્ઁ) વહતી ક્રિયાર્થા .. ૯..

યાવત્ + પૃથક્ + ત્વમિ + દમાત્ + મન

હે સ્વામી! જ્યાં સુધી મનુષ્ય ઇન્દ્રિયોના અને વિષયરૂપી માયાના પ્રભાવથી પોતાને આપનાથી ભિન્ન જુએ છે ત્યાં સુધી તેના માટે આ સંસારચક્રનું નિવારણ નથી થતું. જો કે આ સંસાર મિથ્યા છે, તો પણ કર્મફળ-ભોગનું ક્ષેત્ર હોવાને કારણે તે આ પ્રજાને અનેક પ્રકારનાં દુઃખોમાં નાખતો રહે છે.

## અહ્ન્યાપૃતાર્તકરણા નિશિ નિઃ(શ્)શયાના

## નાનામનોરથધિયા ક્ષણભગ્નનિદ્રાઃ .

## દૈવાહતાર્થરચના ઋષયોऽપિ દેવ

## યુષ્મત્પ્રસઙ્ગવિમુખા ઇહ સં(મ્)સરન્તિ .. ૧૦..

અહ્ન્યા + પૃતાર્ત + કરણા, નાનામનો + રથધિયા,

દૈવા + હતાર્થ + રચના, યુષ્મત્ + પ્રસઙ્ગ + વિમુખા

હે દેવ! જે લોકોની ઇન્દ્રિયો અનેક પ્રકારના કર્મોમાં ફસાયેલી રહેવાને કારણે દિવસભર ત્રસ્ત રહે છે, રાત્રિના સમયે ગાઢ નિંદ્રામાં અચેત રહે છે, ક્યારેક અનેક પ્રકારના મનોરથોનું ચિંતન કરવાને કારણે વારંવાર તેમની નિંદ્રા ભંગ થતી રહે છે. ભાગ્યવશાત્ આવા લોકોને અર્થસિધ્ધિ પણ પ્રાપ્ત થતી નથી. આવા ભગવત્પ્રાપ્તિ માટેના એક-માત્ર સાધન એવા ઋષિ જેવા મનુષ્યદેહને પ્રાપ્ત કરીને પણ આપની ભક્તિથી વિમુક્ત થવાને કારણે આ સંસારમાં ભટક્યા કરે છે.

## ત્વં(મ્) ભાવયોગપરિભાવિતહૃત્સરોજ

## આસ્સે શ્રુતેક્ષિતપથો નનુ નાથ પું(મ્)સામ્ .

## યદ્યદ્ધિયા ત ઉરુગાય વિભાવયન્તિ

## તત્તદ્વપુઃ(ફ્) પ્રણયસે સદનુગ્રહાય .. ૧૧..

ભાવયો + ગપરિભા + વિતહૃત્ + સરોજ, શ્રુતે + ક્ષિતપથો, યદ્યદ્ + ધિયા, તત્ + તદ્ + વપુઃ(ફ્)

હે નાથ! જે લોકોએ પોતાનો ભાવ આપની સાથે જોડી દીધો છે એવા ભક્તોના શુદ્ધ હૃદય-કમળમાં આપ નિવાસ કરો છો. એવા લોકો દ્વારા આપના ગુણોનું શ્રવણ કરવાથી આપનું સ્વરૂપ જાણી શકાય છે. હે પુણ્યશ્લોક પ્રભુ! આપના ભક્તો જે જે ભાવનાથી આપનું ચિંતન કરે છે તે સાધુજનો પર કૃપા કરવા માટે આપ તે તે રૂપ ધારણ કરી લો છો.

નાતિપ્રસીદતિ તથોપચિતોપચારૈ-

રારાધિતઃ(સ્) સુરગણૈર્હૃદિ બદ્ધકામૈઃ .

યત્સર્વભૂતદયયાસદલભ્યયૈકો

નાનાજનેષ્વવહિતઃ(સ્) સુહૃદન્તરાત્મા .. ૧૨..

તથો + પચિતો + પચારૈ, યત્સર્વ + ભૂતદયયા + સદલભ્ય + યૈકો,

નાના + જનેષ્ + વવહિતઃ(સ્) , સુહૃદન્ + તરાત્મા

હે ભગવાન! આપ એક (જ) છો તથા સમસ્ત પ્રાણીઓના અંતઃકરણોમાં રહેલા છો અને તેમના પરમ કલ્યાણકારી અંતરાત્મા છો. તેથી જો દેવતાઓ પણ હૃદયમાં જાતજાતની કામનાઓ રાખીને, વિવિધ પ્રકારની વિપુલ સામગ્રીઓથી આપનું પૂજન કરે છે તો તેનાથી આપ એટલા પ્રસન્ન થતા નથી, કે જેટલા પ્રાણીઓ પર દયા કરવાથી થાવ છો. પરંતુ તે સર્વભૂત-દયા અસત્પુરુષોને અત્યંત દુર્લભ છે.

પું(મ્)સામતો વિવિધકર્મભિરધ્વરાદ્યૈર્ -

દાનેન ચોગ્રતપસા વ્રતચર્યયા ચ .

આરાધનં(મ્) ભગવતસ્તવ સત્ક્રિયાર્થો

ધર્મોઽર્પિતઃ(ખ્) કર્હિચિદ્ધ્રિયતે ન યત્ર .. ૧૩..

વિવિધકર્મ + ભિરધ્વરા + દ્યૈર્ , કર્હિચિદ્ + ધ્રિયતે

જે કર્મ આપને અર્પણ કરી દેવામાં આવે છે તેનો ક્યારેય નાશ થતો નથી, તે અક્ષય થઇ જાય છે. તેથી વિભિન્ન પ્રકારનાં કર્મ-યજ્ઞ, દાન, કઠોર તપ, વ્રત વગેરે વડે આપની પ્રસન્નતા પ્રાપ્ત કરવી એ જ મનુષ્યનું સૌથી મોટું કર્મફળ છે; કારણ કે આપની પ્રસન્નતા થતાં એવું કયું ફળ છે કે જે સુલભ ન થઈ જાય?

શશ્વત્સ્વરૂપમહસૈવ નિપીતભેદ-

મોહાય બોધધિષણાય નમઃ(ફ્) પરસ્મૈ .

વિશ્વોદ્ભવસ્થિતિલયેષુ નિમિત્તલીલા-

રાસાય તે નમ ઇદં(ગ્) ચકૃમેશ્વરાય .. ૧૪..

શશ્વત્ + સ્વરૂ + પમહસૈવ, વિશ્વોદ્ + ભવસ્થિતિ +લયેષુ

આપ સદૈવ પોતાના સ્વરૂપના પ્રકાશથી જ પ્રાણીઓના ભેદભ્રમરૂપી અંધકારનો નાશ કરતા રહો છો તથા (આપ જ) જ્ઞાનનું અધિષ્ઠાન, સાક્ષાત્ પરમપુરુષ છો. હું આપને નમસ્કાર કરું છું. સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારના નિમિત્તે માયાની જે લીલા થાય છે તે આપણો જ ખેલ છે. તેથી આ પરમેશ્વરને હું વારંવાર નમસ્કાર કરું છું.

યસ્યાવતારગુણકર્મવિડમ્બનાનિ

નામાનિ યેઽસુવિગમે વિવશા ગૃણન્તિ .

તે નૈકજન્મશમલં(મ્) સહસૈવ હિત્વા

સં(યઁ)યાન્ત્યપાવૃતમૃતં(ન્) તમજં(મ્) પ્રપદ્યે .. ૧૫..

યસ્યા + વતા + રગુણકર્મ + વિડમ્બનાનિ,

નૈકજન્ + મશમલં(મ્), સં(યઁ)યાન્ + ત્યપા + વૃતમૃતં(ન્)

જેઓ પ્રાણત્યાગ કરતી વખતે આપના અવતાર, ગુણો અને કર્મો સૂચવનારાં દેવકીનંદન, જનાર્દન, કંસનિકંદન, પાર્થસારથી વગેરે નામોનું વિવશ થઈને પણ ઉચ્ચારણ કરે છે તેઓ અનેક જન્મોનાં પાપોમાંથી તત્કાળ છૂટી જઈને માયા વગેરે આવરણોથી રહિત બ્રહ્મપદ પામે છે. આપ નિત્ય અજન્મા છો. હું આપનું શરણ લઉં છું.

યો વા અહં ચ ગિરિશશ્ચ વિભુઃ સ્વયં ચ

સ્થિત્યુદ્ભવપ્રલયહેતવ આત્મમૂલમ્ .

ભિત્ત્વા ત્રિપાદ્વવૃધ એક ઉરુપ્રરોહ-

સ્તસ્મૈ નમો ભગવતે ભુવનદ્રુમાય .. ૧૬..

સ્થિત્યુદ્ + ભવ + પ્રલય + હેતવ

હે ભગવાન! આ વિશ્વવૃક્ષરૂપે આપ જ વિરાજમાન છો. આપ જ પોતાની મૂળ પ્રકૃતિ સ્વીકારીને જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય માટે મારા (બ્રહ્માના), આપના પોતાના (વિષ્ણુના) અને મહાદેવજીના રૂપમાં ત્રણ મુખ્ય શાખાઓમાં વિભક્ત થયા છો અને પછી પ્રજાપતિઓ, મનુઓ વગેરે શાખા-ઉપશાખાઓ-રૂપે ફેલાઈને ઘણા વિસ્તૃત થયા છો. હું આપને નમસ્કાર કરું છું.

લોકો વિકર્મનિરતઃ(ખ્) કુશલે પ્રમત્તઃ

કર્મણ્યયં(ન્) ત્વદુદિતે ભવદર્ચને સ્વે .

યસ્તાવદસ્ય બલવાનિહ જીવિતાશાં

સદ્યશ્છિનત્ત્યનિમિષાય નમોઽસ્તુ તસ્મૈ .. ૧૭..

ભવદર્ + ચને, સદ્યશ્ + છિનત્ત્ય + નિમિષાય

હે ભગવાન! આપે આપની આરાધના ને જ લોકો માટે કલ્યાણકારી સ્વધર્મ બતાવી છે, પરંતુ લોકો એ તરફ ઉદાસીન રહીને સદૈવ વિપરીત (નિષિદ્ધ) કર્મોમાં રત રહે છે. આવી પ્રમાદ અવસ્થામાં પડેલા આ જીવોની જિજીવિષા ને જે સદૈવ સાવધ રહીને અતિશીઘ્ર કાપતો રહે છે તે બળવાન કાળ પણ આપનું જ સ્વરૂપ છે. હું તે કાળને નમસ્કાર કરું છું.

**યસ્માદ્બિભેમ્યહમપિ દ્વિપરાર્ધધિષ્ણ્ય-**

**મધ્યાસિતઃ(સ્) સકલલોકનમસ્કૃતં(યઁ) યત્ .**

**તેપે તપો બહુસવોઽવરુરુત્સમાન-**

**સ્તસ્મૈ નમો ભગવતેઽધિમખાય તુભ્યમ્ .. ૧૮..**

યસ્માદ્ + બિભેમ્ + યહમપિ, દ્વિપરાર્ધ +ધિષ્ણ્ય, સકલલો+ કનમસ્ + કૃતં(યઁ)

જોકે હું સત્યલોકનો અધિષ્ઠાતા છું, કે જે લોક બે પરાર્ધ સુધી રહેનારાઓનો અને સમસ્ત ભુવનોનો વંદનીય છે, તોપણ આપના તે કાળ-રૂપથી ડરતો રહું છું. તેનાથી બચવા અને આપને પ્રાપ્ત કરવા માટે જ મેં દીર્ઘકાળ સુધી તપ કર્યું છે. આપ જ અધિયજ્ઞરૂપે મારા આ તપના સાક્ષી છો. હું આપને નમસ્કાર કરું છું.

**તિર્યઙ્મનુષ્યવિબુધાદિષુ જીવયોનિષ્-**

**વાત્મેચ્છયાઽઽત્મકૃતસેતુપરીપ્સયા યઃ .**

**રેમે નિરસ્તરતિરપ્યવરુદ્ધદેહસ્-**

**તસ્મૈ નમો ભગવતે પુરુષોત્તમાય .. ૧૯..**

તિર્યઙ્ + મનુષ્ય + વિબુધાદિષુ, વાત્મેચ્ + છયાઽઽત્મ + કૃતસે + તુપરીપ્ + સયા,

નિરસ્ + તરતિરપ્ + યવરુદ્ધદેહસ્

આપ તિર્યઙ્ , મનુષ્ય અને દેવ વગેરે યોનિઓમાં ધર્મની મર્યાદા રાખવા માટે સ્વેચ્છાથી અવતાર લો છો. અને તે દેહ સાથે કોઈ તાદાત્મ્ય ન હોવા છતાં આપ તે શરીરમાં રમમાણ થાવો છો અને એક અભિનેતા ની જેમ જ તે શરીરનો ત્યાગ પણ કરો છો. એવા લીલાવિહારી પુરુષોત્તમ પ્રભુને હું વારંવાર પ્રણામ કરું છું.

**યોઽવિધયાનુપહતોઽપિ દશાર્ધવૃત્ત્યા,**

**નિદ્રામુવાહ જઠરીકૃતલોકયાત્રઃ .**

**અન્તર્જલેઽહિકશિપુસ્પર્શાનુકૂલાં(મ્)**

**ભીમોર્મિમાલિનિ જનસ્ય સુખં(વૅઁ) વિવૃણ્વન્ .. ૨૦..**

યોઽવિધયા + નુપહતોઽપિ, જઠરી + કૃતલો + કયાત્રઃ,

અન્તર્જલેઽ + હિકશિપુસ્ + પર્શા + નુકૂલાં(મ્), ભીમોર્ + મિમા + લિનિ

હે પ્રભુ! આપ અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ — આ પાંચે માંથી કોઇને પણ આધીન નથી; તેમ છતાં અત્યારે સઘળા સંસારને પોતાના ઉદરમાં લીન કરીને ભયંકર તરંગમાળાઓથી વિક્ષુબ્ધ પ્રલયકાલીન જળમાં અનંત-વિગ્રહની કોમળ શય્યા પર જે શયન કરી રહ્યા છો તે પૂર્વ-કલ્પોની કર્મપરંપરાથી થાકેલા જીવોને વિશ્રામ આપવા માટે જ છે. (અર્થાત્ આપની આ લીલામાં પણ જીવોના પ્રત્યેક કરુણા ભાવ છે.

યન્નાભિપદ્મભવનાદહમાસમીડ્ય,

લોકત્રયોપકરણો યદનુગ્રહેણ .

તસ્મૈ નમસ્ત ઉદરસ્થભવાય યોગ-

નિદ્રાવસાનવિકસન્નલિનેક્ષણાય .. ૨૧..

યન્ના + ભિપદ્મ + ભવના + દહમા + સમીડ્ય , લોકત્રયો + પકરણો, ઉદરસ્ + થભવાય,

નિદ્રાવસા + નવિકસન્ + નલિને + ક્ષણાય

હે પ્રભુ! આપના નાભિકમળરૂપી ભવનમાં મારો ઉદ્ભવ થયો છે. આ સંપૂર્ણ વિશ્વ આપના ઉદરમાં રહેલું છે. આપની કૃપાથી જ હું ત્રણે લોકોની રચના કરવાની સામગ્રીથી યુક્ત થયો છું. આ સમયે યોગનિદ્રાનો અંત થઈ જવાને કારણે આપનાં નયનકમળ વિકસિત થઈ રહ્યા છે. એવા આપને મારા નમસ્કાર છે.

સોઽયં(મ્) સમસ્તજગતાં(મ્) સુહૃદેક આત્મા,

સત્ત્વેન યન્મૃડયતે ભગવાન્ ભગેન .

તેનૈવ મે દૃશમનુસ્પૃશતાદ્યથાહં(મ્),

સ્રક્ષ્યામિ પૂર્વવદિદં(મ્) પ્રણતપ્રિયોઽસૌ .. ૨૨..

દૃશમનુસ્ + સ્પૃશતા + દ્યથાહં(મ)

આપ સંપૂર્ણ જગતના એકમાત્ર સુહૃદ્ અને આત્મા છો તથા શરણાગતો પર કૃપા કરનારા છો. તેથી પોતાના જે જ્ઞાન અને ઐશ્વર્યથી આપ વિશ્વને આનંદિત કરો છો તેનાથી મારી બુદ્ધિને યુક્ત કરો, કે જેનાથી હું પૂર્વકલ્પની જેમ જ આ વખતે પણ જગતની રચના કરી શકું.

એષ પ્રપન્નવરદો રમયાઽઽત્મશક્ત્યા,

યદ્યત્કરિષ્યતિ ગૃહીતગુણાવતારઃ .

તસ્મિન્ સ્વવિક્રમમિદં(મ્) સૃજતોઽપિ ચેતો

યુઞ્જીત કર્મશમલં(ઞ્) ચ યથા વિજહ્યામ્ .. ૨૩..

ગૃહી + તગુણા + વતારઃ

ભક્તોને વરદાન આપનારા આ ભગવાને પોતાની શક્તિ– લક્ષ્મીજીની સાથે અનેક ગુણાવતાર ધારણ કર્યાં છે. તેઓ જે અદભુત કર્મ કરશે તેમાં વિશ્વનિર્માણ પણ એક અદ્ભુત કર્મ છે. હું

ભગવાનને શરણે થઈને વિનંતી કરું છું કે તે પ્રભુ મારા મનને વિશ્વ નિર્માણના કાર્યમાં યુક્ત કરે, તેથી હું સૃષ્ટિ રચના વિશેના અભિમાનથી દૂર રહીને તે કામ કરી શકુ.

નાભિહ્રદાદિહ સતોઽમ્ભસિ ય*સ્ય પું(મ્)સો,

વિ*જ્ઞાનશ*ક્તિરહમાસમન*ન્તશ*ક્તેઃ .

રૂપં(વ્ઁ) વિચિ*ત્રમિદમ*સ્ય વિવૃ*ણ્વતો મે,

મા રીરિષીષ્ટ નિગમ*સ્ય ગિરાં(વ્ઁ) વિસર્ગઃ .. ૨૪..

વિજ્ઞા + નશક્તિ + રહમા + સમનન્ + તશક્તેઃ, વિચિત્ર+ મિદ + મસ્ય

હે પ્રભુ! આ પ્રલયકાલીન જળમાં શયન કરતાં આપ અનંત શક્તિ પરમપુરુષના નાભિકમળમાંથી મારો ઉદ્ભવ થયો છે અને હું છું પણ આપની જ વિજ્ઞાન-શક્તિ; તેથી આ જગતના વિલક્ષણ રૂપનો વિસ્તાર કરતી વખતે આપની કૃપાથી વેદરૂપી મારી વાણીનું ઉચ્ચારણ લોપ ન પામો.

સોઽસાવદ*ભ્રકરુણો ભગવાન્ વિવૃ*દ્ધ*-

પ્રેમ*સ્મિતેન નયનામ્બુરુહં(વ્ઁ) વિજૃ*મ્ભન્ .

ઉ*ત્થાય વિ*શ્વવિજયાય ચ નો વિષાદં(મ્),

માધ્વ્યા ગિરાપનયતાત્પુરુષઃ(ફ્) પુરાણઃ .. ૨૫..

સોઽસા + વદ + ભ્રકરુણો, પ્રેમસ્ + મિતેન,

નયનામ્ + બુરુહં(વ્ઁ), ગિરા + પનયતાત્ + પુરુષઃ(ફ્)

આપ અપાર કરુણામય પુરાણપુરુષ છો. આપ પરમ પ્રેમપૂર્ણ સ્મિત સાથે આપનાં નેત્રકમળ ખોલો અને શેષશય્યામાંથી ઊઠીને વિશ્વની ઉત્પત્તિ માટે, આપની સુમધુર વાણીથી મારો વિષાદ દૂર કરો.

મૈત્રેય ઉવાચ

સ્વસ*મ્ભવં(ન્) નિશામ્યૈવં(ન્), તપોવિ*દ્યાસમાધિભિઃ ,

યાવ*ન્મનો વચઃ(સ્) સ્તુ*ત્વા, વિરરામ સ ખિન્નવત્ .. ૨૬..

તપો + વિદ્યા + સમાધિભિઃ

શ્રીમૈત્રેયજી કહે છે – હે વિદુરજી! આ પ્રમાણે તપ, વિદ્યા અને સમાધિ દ્વારા પોતાના ઉદ્ભવસ્થાન શ્રીભગવાનને જોઇને તથા પોતાના મન અને વાણીની શક્તિ અનુસાર તેમની સ્તુતિ કરીને બ્રહ્માજી થાક્યા હોય એમ મૌન થઈ ગયા.

અથાભિ*પ્રેતમ*ન્વીક્ષ્ય, બ્રહ્મણો મધુસૂદનઃ .

વિષ*ણ્ણચેતસં(ન્) તેન, ક*લ્પ*વ્યતિકરામ્ભસા .. ૨૭..

અથા + ભિપ્રે + તમન્ + વીક્ષ્ય, કલ્પ + વ્યતિ + કરામ્ભસા

લોકસં(મ્)સ્થાન*વિજ્ઞાન, આત્મનઃ(ફ્) પરિ*ખિદ્યતઃ .

તમાહાગાધયા વાચા, *કશ્મલં(મ્) શમયન્નિવ .. ૨૮..

લોકસં(મ્)સ્થા + નવિજ્ઞાન, તમાહા + ગાધયા, શમયન્ + નિવ

શ્રી મધુસૂદન ભગવાને જોયું કે બ્રહ્માજી આ પ્રલય-જળરાશિથી ઘણા ગભરાયેલા છે તથા વિશ્વ-રચના બાબતે કોઈ નિર્ણય નહીં થવાને કારણે તેમનું ચિત ઘણું ઉદાસ છે. ત્યારે તેમનો અભિપ્રાય જાણીને તેઓ ગંભીર વાણીથી તેમના ખેદનું શમન કરતા કહેવા લાગ્યા.

શ્રીભગવાનુવાચ

મા વેદગર્ભ ગાસ્તન્દ્રીં(મ્), સર્ગ *ઉદ્યમમાવહ .

*તન્મયાઽઽપાદિતં(મ્) *હ્યગ્રે, *યન્માં(મ્) પ્રાર્થયતે ભવાન્ .. ૨૯..

ઉદ્ય + મમા + વહ

શ્રીભગવાને કહ્યું – હે વેદગર્ભ! તમે વિષાદને વશ થઈને આળસ ન કરો, સૃષ્ટિ-રચનાના ઉદ્યમ માટે તત્પર થઈ જાઓ. તમે મારી પાસેથી જે કંઈ ઈચ્છો છો તે તો હું પહેલા જ કરી ચૂક્યો છું. (તમારે માત્ર નિમિત્ત બનવાનું છે.)

ભૂ*યસ્ત્વં(ન્) તપ આ*તિષ્ઠ, *વિદ્યાં(ઞ્) ચૈવ મદાશ્રયામ્ .

તાભ્યા*મન્તર્હૃ*દિ બ્રહ્મન્, લોકાન્દ્રક્ષ્*યસ્યપાવૃતાન્ .. ૩૦..

તાભ્યા + મન્તર્ + હૃદિ, લોકાન્ + દ્રક્ષ્યસ્ + યપા + વૃતાન્

તમે ફરી એકવાર તપ કરો અને ભાગવત-જ્ઞાનનું અનુષ્ઠાન કરો. તેમ કરવાથી તમે બધા લોકો(ભુવનો) ને પોતાના અંતઃકરણમાં સ્પષ્ટપણે જોવા પામશો.

તત આત્મનિ લોકે ચ , *ભક્તિ*યુક્તઃ(સ) સમાહિતઃ .

*દ્રષ્ટાસિ માં(ન્) તતં(મ્) બ્રહ્મન્- મયિ લોકાં(મ્)સ્ત્વમાત્મનઃ .. ૩૧..

લોકાં(મ્)સ્ + ત્વમાત્મનઃ

પછી ભક્તિયુક્ત અને સમાહિત-ચિત્તના બનીને તમે મને સમસ્ત લોકોમાં અને તમારા પોતાનામાં વ્યાપ્ત જોઈ શકશો તથા સમસ્ત લોકોને અને સ્વયં પોતાને મારામાં જોવા પામશો.

યદા તુ સર્વભૂતેષુ, દા*રુ*ષ્વગ્નિમિ*વ સ્થિતમ્ .

પ્રતિ*ચક્ષીત માં(લઁ) લોકો, જહ્યાત્તર્હ્યેવ *કશ્મલમ્ .. ૩૨..

દારુષ્ + વગ્નિ + મિવ, જહ્યાત્ + તર્ + હ્યેવ

જીવ જ્યારે લાકડામાં વ્યાપ્ત અગ્નિની જેમ સમસ્ત ભૂતોમાં (પ્રાણીઓ- પદાર્થોમાં ) મને જ રહેલો જુએ છે ત્યારે તે પોતાના અજ્ઞાનરૂપી મળથી મુક્ત થઈ જાય છે.

યદા રહિતમાત્માનં(મ્), ભૂતેન્દ્રિયગુણાશયૈઃ .

સ્વરૂપેણ મયોપેતં(મ્), પશ્યન્ સ્વારાજ્યમૃચ્છતિ .. ૩૩..

સ્વારાજ્ય + મૃચ્છતિ

જ્યારે તે પોતાને ભૂતો, ઈન્દ્રિયો, ગુણો અને અંતઃકરણથી રહિત તથા સ્વરૂપથી મારાથી અભિન્ન (એકરૂપ) જુએ છે ત્યારે તે મોક્ષપદ મેળવી લે છે.

નાનાકર્મવિતાનેન, પ્રજા બહ્વીઃ(સ્) સિસૃક્ષતઃ .

નાત્માવસીદત્યસ્મિં(મ્)સ્તે, વર્ષીયાન્મદનુગ્રહઃ ..૩૪..

નાના + કર્મ + વિતાનેન, નાત્મા + વસી + દત્યસ્ + મિં(મ્)સ્તે, વર્ષીયાન્ + મદનુગ્રહઃ

હે બ્રહ્માજી! અનેક પ્રકારના કર્મસંસ્કારો અનુસાર અનેક પ્રકારની જીવસૃષ્ટિની રચના કરવાની ઈચ્છા થવા છતાં પણ તમારું ચિત્ત મોહિત થતું નથી એ મારી અતિશય કૃપાનું જ ફળ છે.

ઋષિમાદ્યં(ન્) ન બધ્નાતિ, પાપીયાં(મ્)સ્ત્વાં(મ્) રજો ગુણઃ .

યન્મનો મયિ નિર્બદ્ધં(મ્), પ્રજાઃ(સ્) સં(મ્)સૃજતોઽપિ તે .. ૩૫..

પાપીયાં(મ્)સ્ + ત્વાં(મ્)

તમે સર્વપ્રથમ મંત્રદ્રષ્ટા છો. પ્રજાની ઉત્પત્તિ કરતી વખતે પણ તમારું મન મારામાં જ પરોવાયેલું રહે છે, તેથી જ પાપમય રજોગુણ તમને બાંધી શકતો નથી.

જ્ઞાતોઽહં(મ્) ભવતા ત્વદ્ય, દુર્વિજ્ઞેયોઽપિ દેહિનામ્ .

યન્માં(ન્) ત્વં(મ્) મન્યસેઽયુક્તં(મ્), ભૂતેન્દ્રિયગુણાત્મભિઃ .. ૩૬..

દુર્ + વિજ્ઞે + યોઽપિ, ભૂતેન્દ્રિય + ગુણાત્મભિઃ

તમે મને જાણી લીધો છે કે હું ભૂતો, ઈન્દ્રિયો, ગુણો અને અંતઃકરણથી રહિત છું, જોકે શરીરધારી જીવોને મારું જ્ઞાન થવાનું ઘણું મુશ્કેલ છે તો પણ તમે મને જાણી લીધો છે.

તુભ્યં(મ્) મદ્વિચિકિત્સાયા - માત્મા મે દર્શિતોઽબહિઃ .

નાલેન સલિલે મૂલં(મ્), પુષ્કરસ્ય વિચિન્વતઃ .. ૩૭..

મદ્ + વિચિકિત્ + સાયા

'મારો આધાર કોઈ છે કે નથી' — એવા સંશયથી તમે કમળ-નાળ દ્વારા જળમાં તેનું મૂળ ખોળી રહ્યા હતા, તે પોતાના આ સ્વરૂપને મેં તમને અંતઃકરણમાં જ દેખાડ્યું છે.

યચ્ચકર્થાઙ્ગ મત્સ્તોત્રં(મ્), મત્કથાભ્યુદયાઙ્કિતમ્ .

યદ્વા તપસિ તે નિષ્ઠા, સ એષ મદનુગ્રહઃ .. ૩૮..

યચ્ + ચકર્ + થાઙ્ગ , મત્કથા + ભ્યુદયાઙ્ + કિતમ્

પ્રિય બ્રહ્માજી! મારી કથાઓના વૈભવથી યુક્ત એવી મારી જે સ્તુતિ તમે કરી છે અને તપમાં તમારી જે નિષ્ઠા છે તે પણ મારી જ કૃપાનું ફળ છે.

**પ્રીતોऽહમ*સ્તુ ભ*દ્રં(ન્) તે, લોકાનાં(વ્ઁ) વિજયેચ્છયા .**

**ય*દસ્તૌષીર્ગુણમયં(ન્), નિર્ગુણં(મ્) માનુવર્ણયન્ .. ૩૯..**

યદસ્ + તૌષીર્ + ગુણમયં(ન્)

વિશ્વ રચનાની ઇચ્છાથી, સગુણ અને નિર્ગુણ રૂપમાં તમે મારી જે સ્તુતિ કરી છે તેનાથી હું ઘણો પ્રસન્ન થયો છું. તમારું કલ્યાણ થાઓ.

**ય એતેન પુમાન્નિ*ત્યં(મ્), સ્તુ*ત્વા સ્તોત્રેણ માં(મ્) ભજેત્ .**

**ત*સ્યાશુ સ*મ્પ્રસીદેયં(મ્), સર્વકામવરેશ્વરઃ .. ૪૦..**

સર્વકા + મવરેશ્વરઃ

હું સમસ્ત કામનાઓ અને મનોરથો પૂરા કરવાની સમર્થ છું. જે મનુષ્ય દરરોજ આ સ્તોત્ર દ્વારા સ્તુતિ કરીને મારું ભજન કરશે તેના પર હું શીઘ્ર પ્રસન્ન થઈ જઈશ.

**પૂર્તેન તપસા ય*જ્ઞૈર્ - દાનૈર્યોગસમાધિના .**

**રાદ્ધં(ન્) નિઃ(શ્)શ્રેયસં(મ્) પું(મ્)સાં(મ્), મત્પ્રીતિ*સ્તત્ત્વવિ*ન્મતમ્ .. ૪૧..**

દાનૈર્ + યોગ + સમાધિના, મત્પ્રીતિસ્ + તત્ત્વવિન્ + મતમ્

તત્ત્વવેત્તાઓનો મત છે કે પૂર્ત, તપ, યજ્ઞ, દાન, યોગ, સમાધિ વગેરે સાધનો થકી પ્રાપ્ત થનારું જે પરમ કલ્યાણમય ફળ છે તે મારી પ્રસન્નતા જ છે.

**અહમાત્માऽऽત્મનાં(ન્) ધાતઃ(ફ્), પ્રેષ્ઠઃ(સ્) સન્ પ્રેયસામપિ .**

**અતો મયિ રતિં(ઙ્) કુર્યાદ્ - દેહાદિર્ય*ત્કૃતે પ્રિયઃ .. ૪૨..**

દેહાદિર્ + યત્કૃતે

હે બ્રહ્માજી! હું આત્માઓનો પણ આત્મા છું. જે આત્માને માટે દેહ વગેરે પ્રિય લાગે છે તે પણ હું જ છું. તેથી મને જ પ્રેમ કરવો જોઈએ.

**સર્વવેદમયેનેદ - માત્મનાऽऽત્માऽऽત્મયોનિના .**

**પ્રજાઃ(સ્) સૃજ યથા પૂર્વં(યૅં), યાશ્ચ મય્યનુશેરતે .. ૪૩..**

માત્મનાऽऽત્ + માऽऽત્ + મયોનિના

હે બ્રહ્માજી! ત્રિલોકને તથા જે પ્રજા અત્યારે મારામાં લીન છે તેની પૂર્વકલ્પોની જેમ, મારામાંથી ઉત્પન્ન થયેલા પોતાના સર્વવેદમય સ્વરૂપથી સ્વયં તમે જ રચના કરો.

**મૈત્રેય ઉવાચ**

**ત*સ્મા એવં(મ્) જગત્સ્ર*ષ્ટ્રે, પ્રધાનપુરુષેશ્વરઃ .**

વ્યં*જ્યેદં(મ્) સ્વેન રૂપેણ, કં*જ્જનાભ*સ્તિરોદધે .. ૪૪..

કજ્જના + ભસ્તિરો + દધે

શ્રીમૈત્રેયજી કહે છે – પ્રકૃતિ અને પુરુષના સ્વામી કમળનાભ ભગવાન સૃષ્ટિકર્તા બ્રહ્માજી ને આ પ્રમાણે જગતની અભિવ્યક્તિ કરાવીને પોતાના તે નારાયણરૂપથી અદ્રશ્ય થઈ ગયા.

ઇતિ શ્રીમ*દ્ભાગવતે મહાપુરાણે પારમહં(મ્)સ્યાં(મ્)

સં(મ્)હિતાયાં(ન્) તૃતીય*સ્ક*ન્ધે નવમોડધ્યાયઃ .. ૯..

ૐ પૂર્ણમદઃ(ફ્) પૂર્ણમિદં(મ્) પૂર્ણાત્પૂર્ણમુ*દચ્યતે

પૂર્ણ*સ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવ*શિષ્યતે.

ૐ શાન્તિઃ(શ્) શાન્તિઃ(શ્) શાન્તિઃ.

